સ્વચ્છ પખવાડા "તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮"

ક્રમાંકઃ:પ્રાશિનિ/છ-૨/સંકલન/પખવાડા/૨૦૧૮/૫૧૯૮-૫૨૯૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૩૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૨૨૦૧૮/૨૧૭/વ.૨ તા.૨૩/૦૮/૨૦૧૮

પ રિ પ ત્રઃ-

ભારત સરકાર દ્વારા ૨૦૧૬ થી "સ્વચ્છ પખવાડા" ની ઉજવણી કરવાનુ નક્કી કરવામાં આવેલ છે. જેનુ નિરીક્ષણ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથેના સંકલનમાં ભારત સરકારના તમામ મંત્રાલયો દ્વારા કરવામાં આવે છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં "સ્વચ્છ પખવાડા" ની ઉજવણી કરવામાં આવનાર છે. તથા તા.૧૫/૦૯/૨૦૧૮ થી તા.૦૨/૧૦/૨૦૧૮ દરમ્યાન "સ્વચ્છતા હાઈ સેવા દિવસ" ની ઉજવણી કરવાની કરવામાં આવનાર છે. જેમાં ૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન પ્રાથમિક શાળા/સંસ્થાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લેવાનો રહેશે. જેમાં શાળાના શિક્ષકોએ શાળાની સ્વચ્છતા અને તેની જાળવણી અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના રહેશે. સ્વચ્છ પખવાડા દરમ્યાન નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય.

1. પખવાડાના પ્રથમ દિવસે તમામ પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા અંગે શપથ લેવાની રહેશે. જેમાં શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લેવાનો રહેશે.
2. પ્રથમ સપ્તાહમાં SMCs/PTAs દ્વારા શિક્ષકો અને વાલીઓ વચ્ચે બેઠકનુ આયોજન કરવાનુ રહેશે. જેમાં સ્વચ્છતાના મહત્વ અને સ્વચ્છતા માટે સારા પ્રયાસો કરવા અંગે પ્રોત્સાહિત કરવાના રહેશે.
3. દરેક શાળા/સંસ્થામાં સ્વચ્છતા સવલતોનું નિરીક્ષણ કરવા શિક્ષકો અને જો જરૂરી હોય તો સુવિધાઓની મરામત અને નિભાવ માટે પ્રસ્તાવ/યોજના બનાવવી.
4. શાળાઓમાં સ્વચ્છ અને સારી રીતે જાળવણી કરાયેલ જગ્યાઓ અને શૌચાલયો માટે જિલ્લા/બ્લોક/ક્લસ્ટરોમાં સ્પર્ધાઓ યોજી શકાય છે.
5. સ્કૂલમાં સ્વચ્છતા અને સ્વચ્છતા પરના વિદ્યાર્થીઓ માટે નિબંધ/ક્વિઝ સ્પર્ધા.
6. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા માટે પેઈન્ટીંગ સ્પર્ધા. (vii) સ્વાતિતા પરના ઉપનિષદ.
7. સંગઠન/શાળાઓના વેબસાઇટ પર શુધ્ધ જાગૃતિ સંદેશાઓ પોસ્ટ કરવામાં આવશે. વૈકલ્પિક રીતે, સ્વચ્છતા પરના ફોટોગ્રાફ્સ શાળાઓમાં પ્રદર્શિત થઈ શકે છે.
8. શાળાના વિદ્યાર્થીઓની સ્વચ્છતા એમ્બેસેડર તરીકે અને શાળાના આચાર્યને નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવાની રહેશે.
9. સ્વચ્છ પખવાડામાં જુદી જુદી સપર્ધાઓ તથા ડે ટુ ડે કરવાની થતી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની રોજે રોજની માહિતી શાળાના આચાર્ય દ્વારા Google Tracker અને Drive પર રાત્રે

- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**તા. ૦૬/૦૯/૨૦૧૮ (ગુરુવાર) " સ્વચ્છતા સહભાગીતા દિવસ "**

- ક્લસ્ટર, બ્લોક અને જિલ્લાકક્ષાએ સ્વસ્છ શૌચાલય અને સ્વચ્છ શાળા કેમ્પસમાં સ્પર્ધા યોજવી.
- સ્વચ્છતા અને આરોગ્ય માટે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટે નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું. નિબંધ સ્પર્ધા માટે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા અપાયેલ સૂચના પ્રમાણે કાર્યવાહી કરવી.
- સ્વચ્છતા અંગે ચર્ચા-વિચારણા કરવી.
- સ્વચ્છતા વિષય સંદર્ભે ક્વીઝ, ડિબેટ કરવી. તેમજ સ્વચ્છતા ઉપર કવિતા બનાવવાની સ્પર્ધા કરવી.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.
- નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ દશ ચિત્રો તથા પ્રથમ ત્રણ નિબંધના ફોટોગ્રાફ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

**તા. ૦૭/૦૯/૨૦૧૮ (શુક્રવાર) " હેન્ડ વોશ દિવસ "**

- જમતા પહેલા અને પછી હાથ ધોવાની સાચી રીત દરેક વિદ્યાર્થીઓને બતાવવી.
- શાળાની નજીકના વિસ્તારના લોકોને સ્વસ્છતા માણે જાગૃત કરવા.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**તા. ૦૮/૦૯/૨૦૧૮ (ગુરુવાર) વ્યક્તિગત સ્વચ્છતા દિવસ**

- ઓડિયો પ્રોગ્રામ દ્વારા વ્યક્તિગત સફાઈની મહત્તા વિશે વિદ્યાર્થીઓને અવગત કરવા.
- સ્વચ્છતા અને આરોગ્ય પરસ્પર કઈ રીતે સંકળાયેલા છે તે બાબતે સમજાવવું.
- બાળકોને નિયમિત નખ કાપવા અને વાળની માવજત રાખવા અંગેનુ માર્ગદર્શન આપવુ.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**તા. ૦૯/૦૯/૨૦૧૮ થી તા.૧૦/૦૯/૨૦૧૮ (રવિવાર થી સોમવાર) સમુદાય જાગૃતિ દિવસ**

- શાળાની સફાઈ ઝુંબેશ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ દ્વારા હાથ ધરવી.
- શાળાની આજુબાજુનો વિસ્તાર અને ગામની સામૂહિક સ્વચ્છતાના કાર્યક્રમો યોજવા.
- રેલીનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને પાણી અને સેનીટેશનના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવુ.

- જે જગ્યાએ પાણીનો બગાડ થતો હોય તેવી જગ્યાઓ શોધી તેવા પાણીનો બીજી જગ્યાએ ઉપયોગ કરવા બાળકોને માર્ગદર્શન આપવુ. (દા.ત. હાથ ધોવામાં વપરાયેલ પાણી બગીચામાં નાખી એક જ પાણીનો બે વાર ઉપયોગ કરી શકાય જેથી પાણીની બચત થાય.)
- બાળકો દ્વારા ગામના સરપંચ, એસએમસીના સભ્યો, વાલીઓને સ્વચ્છતા અંગે પત્ર લખે, તેમાં શાળા સેનિટેશનની સફાઈ અને ઉપયોગ અંગે પોતાના વિચારો દર્શાવે.
- બાળકો દ્વારા છેલ્લા થોડા દિવસો દરમ્યાન સ્વચ્છતા અંગે જે કાંઈ પણ શિખ્યા અને તેમના દ્વારા તેમના માતા-પિતા દ્વારા તેમની શું અપેક્ષા છે તે બાબતનો પત્ર તેમના માતા-પિતાને લખવો.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**<u>તા. ૧૧/૦૯/૨૦૧૮(મંગળવાર) સ્વચ્છતા પ્રદર્શન દિવસ</u>**

- શાળાઓમાં સ્વચ્છતા પ્રવૃત્તિઓ માટે ફોટોગ્રાફસ, કાર્ટૂન અને સ્લોગનો શાળાના નોટીસ બોર્ડ પર મૂકવા અને વાલીઓ અને સમુદાયોના સભ્યોને પ્રદર્શન જોવા માટે આમંત્રિત કરવા.
- સ્થાનિક સહયોગ મેળવી સોશયલ મિડિયા, ઈલેક્ટ્રોનીકસ અને પ્રિન્ટ મિડિયા દ્વારા જાહેરાત અને જાગૃતિ ફેલાવવી.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**<u>તા. ૧૨/૦૯/૨૦૧૮ (બુધવાર) સ્વચ્છ પાણી દિવસ</u>**

- સંગ્રહિત પાણીની ચકાસણી કરવી.
- સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાઓ અને સંસ્થાઓ દ્વારા સામૂહિક ભાગીદારીનું આયોજન.
- સલામત પીવાના પાણી પ્રોત્સાહન આપવું અને પાણીજન્ય રોગોથી બચવા જાગૃતિ લાવવી.
- પાણીને કુદરતી રીતે સ્વચ્છ રાખવા "દા.ત. કુદરતી રેતી દ્વારા ગાળવું. ફટકડીનો ઉપયોગ કરવો"
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**<u>તા. ૧૩/૦૯/૨૦૧૮ (ગુરૂવાર) સ્વચ્છ પાણી સંગ્રહ દિવસ</u>**

- વિદ્યાર્થીઓને સ્વચ્છતા સબંધિત મટીરીયલ વિશે માહિતી આપવી અને મટીરીયલ પુરુ પાડવું.
- શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વોટર હાર્વેસ્ટીંગ (પાણી સંગ્રહ) બનાવવા આયોજન કરવું.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**<u>તા. ૧૪/૦૯/૨૦૧૮ (ગુરૂવાર) ઈનામ વિતરણ દિવસ</u>**

- શાળા કક્ષાએ યોજાવામાં આવેલ ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ક્વીઝ અને ડિબેટમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવાનુ રહેશે.

- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા અને વિજેતા વિદ્યાર્થીઓ પૈકી બેસ્ટ એક ચિત્ર તથા નિબંધના ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

તા. ૧૫/૦૯/૨૦૧૮ (ગુરુવાર) સ્વચ્છતા હાઈ સેવા દિવસ

- **વિદ્યાર્થીઓની ભાગીદારીથી " સ્વચ્છતા હાઈ સેવા દિવસ " નુ ઉદ્દઘાટન કરવુ.**
- **ધો-૩ થી ૫ ના વિદ્યાર્થીઓમાં હેન્ડવોશની સ્પર્ધાનુ આયોજન કરવુ.**
- **ધો-૬ થી ૮ ના વિદ્યાર્થીઓને શ્રમ દાન કેમ્પેઇનમાં ભાગીદાર બનાવવા.**
- માન.વડાપ્રધાનને સ્વચ્છતા વિશે પત્ર લખવા બાબતે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો Google Tracker અને Drive પર અપલોડ કરવાના રહેશે.

**તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન આપના જિલ્લા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ઉપર** જણાવ્યા મુજબની **પ્રવૃત્તિઓ થાય તે માટે આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.**

ક્રમાંક / મા.વિ.૩ / ૫૬૯૨૦-૫૭૪૧૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૦૬-૦૯-૨૦૧૮

૦૨/- નકલ રવાના ભાગ તથા અમલ સારૂ.

(સહી)
જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / બિનસરકારી / નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ.